दाखल तारीख :-   २०-०३-२०२०

નોંધણી તારીખ :- ૨૦-૦૩-૨૦૨૦

ફેંસલ તારીખ :-   ૨૮-૦૨-૨૦૨૫

સમયગાળો :- **<u>વર્ષ-માસ-દિવસ</u>**

**૦૪ - ૧૧ - ૦૮**

***************************************************************

**પાટણ જીલ્લાના મહે.એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

***************************************************************

**સેશન્સ કેસ નં.૧૦/૨૦૨૦**

**આંક :- ૬૯**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :-** **ઠાકોર અલ્કેશજી ચંદુજી,**
ઉં.વ.આ.૨૫, ધંધો : મજુરી,
રહે.બાલીસણા, તા.જી.પાટણ.

---------------------------------------------------------------

**આરોપ :-** ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૬૬, ૩૭૬, ૫૦૬(૨) મુજબ.

---------------------------------------------------------------

**એડવોકેટસ :-**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી.રાવલ.
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એસ.કે.ચાવડા.

---------------------------------------------------------------

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૧૬/૦૪/૨૦૧૯ થી તા.૧૧/૦૯/૨૦૧૯ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૨/૦૯/૨૦૧૯ |
| નીચેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૪/૧૧/૨૦૧૯ |
| કેસ સેશન્સ કોર્ટમાં કમિટ થયા તારીખ | તા.૧૦/૦૨/૨૦૨૦ |

| | |
|---|---|
| સેશન્સ કોર્ટમાં તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૦૧/૦૭/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૦૬/૦૮/૨૦૨૧ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | તા.૨૮/૦૨/૨૦૨૫ |
| જજમેન્ટની તારીખ | તા.૨૮/૦૨/૨૦૨૫ |

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઠાકોર અલ્કેશજી ચંદુજી | ૧૮/૦૯/૨૦૧૯ | ૨૭/૦૯/૨૦૧૯ | ઇ.પી.કો.કલમ-૩૬૬, ૩૭૬, ૫૦૬(૨) | છુટી ગયા | -- | ૦૯ દિવસ |

## -:: ઠ રા વ ::-

**(૧)** આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૬૬, ૩૭૬, ૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરીયાદ ખુદ ભોગ બનનારે આપેલી છે. તેણીની જન્મ તા.૩૧/૦૭/૧૯૯૭ ની છે. ગઇ તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ તેણી બાલીસણાથી સવારે સાત-સાડા સાતેક વાગે નીકળી બસમાં બેસી પાટણ આવેલ અને કોલેજમાં ગયેલ અને ૧૦-૦૦ વાગે સંસ્કૃતનું પેપર ચાલુ થતા, તેણીનો મોબાઇલ સ્વીચ ઓફ કરી મુકેલ અને પેપર પુરૂ થતા બહાર આવી બેગ લઇ મોબાઇલ ચાલુ કરતા, ઠાકોર અલ્કેશજી ચંદુજી, રહે.બાલીસણાવાળાનો ફોન આવેલ અને કહેલ કે, તે તેણીને લેવા આવે છે તેમ કહી કોલેજના ગેટ અંદર તેનું બાઇક લઇ આવી તેણીને બાઇક ઉપર બેસી જવાનું અને તેઓને ભાગી જવાનું કહેલ અને તેણી બાઇક ઉપર નહી બેસે તો તેણીના ભાઇને જાનથી મારી નાંખવાની ધમકી આપતા, તેણી ગભરાઇ જતા તેના બાઇક ઉપર બેસી ગયેલ. આ અલ્કેશજી ઠાકોર અગાઉ બે વર્ષ પહેલા તેણીને બાલીસણાથી ભગાડી ગયેલ, પરંતુ તે વખતે કોઇ ફરીયાદ કરેલ ન હતી અને ચાર મહિને પાછા આવેલ

હતા. જેથી તેણી તેના પરિચયમાં હતી અને તેણી ગભરાઇ જતા તેના બાઇક ઉપર બેસી ગયેલ અને તેણીને મોબાઇલ ફોન બંધ કરવાની ધમકી આપતા તેણીએ ફોન બંધ કરી દીધેલ. બાદ ઠાકોર અલ્કેશજી ચંદુજી તેણીને ચાણસ્મા થઇ બેચરાજી લઇ ગયેલ અને બીજા દિવસે મરતોલી ગયેલ અને ત્યાંથી મહેસાણા જઇ ગેરેજમાં બાઇક વેચી મહેસાણા આખી રાત વિતાવી સવારે બસમાં પાલનપુર ગયેલા અને કોર્ટમાં નોટરી કરી તેમાં તેણીની સહી કરાવેલી અને ત્યારબાદ બસમાં સોમનાથ ગયેલા અને ત્યાં બે-ત્રણ દિવસ અલગ અલગ ગેસ્ટ હાઉસમાં રોકાયેલા અને બાદ માઉન્ટ આબુ ગયેલા અને ત્યાં બે-ત્રણ દિવસ રોકાયેલા અને ત્યાંથી સુરત ગયેલા અને ત્યાં પાંડેસરી ગામે એલ્યુમીનીયમની ફેકટરીમાં મજુરી સારૂ ઓરડીમાં રોકાયેલા અને ત્યાંથી આશરે ત્રણ મહિના રોકાયેલા અને ત્યાંથી વિજાપુર આંગલોડ મુકામે આવેલ અને પેપરમીલમાં ત્રણ-ચાર દિવસ રોકાયેલા. બાદ તા.૧૧/૦૯/૨૦૧૯ ના રોજ વિજાપુર કોર્ટમાં ફરીથી નોટરી કરાવવા લઇ ગયેલ. ત્યાં તેના બહેન બનેવી આવેલ હતા. બાદ સાંજના છ વાગે પેપરમીલમાં તેઓ હાજર હતા તે વખતે અલ્કેશજી ચંદુજી ઠાકોરના મમ્મી તથા કાકા અને કાકી ત્રણેય જણા આવેલા અને ફરીયાદીને કહેલ કે, તેણીને તેણીના મમ્મી બોલાવે છે. જેથી તેણી તેઓની ગાડીમાં બેસેલ અને અલ્કેશજી સાથે આવેલ નહીં અને આ લોકોએ સાંજે નવેક વાગે તેણીને બાલીસણા સરદાર ચોકમાં ઉતારી દેતા અને તેણીની મમ્મીને ખબર પડતા, તેણીને લેવા આવેલા અને તેણીને બારોબાર બાલીસણા પોલીસ સ્ટેશનમાં લઇ ગયેલા અને ત્યાં તેણીના પપ્પા, તેણીની બહેન ખુશ્બુ, તેણીના મોટા બાપા આવેલા અને તેણીના પિતાજીએ પાટણ સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશને ગુમસુધા નં.૦૭/૨૦૧૯ ની જાહેરાત આપેલ હોઇ, તેઓ બધા પાટણ ખાતે આવેલા અને તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ ફરીયાદીએ ફરીયાદ આપતા, પાટણ સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૮૮/૨૦૧૯ થી નોંધી અને તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ સંભાળી લઇ, બનાવની ઉંડાણપૂર્વક તપાસ કરી, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, આરોપી મળી આવતા આરોપીની ધરપકડ કરેલી, જરૂરી પંચનામા કરેલા, મેડીકલ પુરાવાઓ એકઠા કરેલા અને સંપૂર્ણ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા, આરોપી વિરૂધ્ધ તા.૧૪/૧૧/૨૦૧૯ ના રોજ પાટણના વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૭૬, ૫૦૬(૨) હેઠળનું ચાર્જશીટ રજુ કરેલુ. જે

ક્રિમીનલ કેસ નં.૧૮૦૨/૨૦૧૯ થી નોંધવામાં આવેલુ. ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુનાઓની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ કોર્ટને હોઇ, હકુમતવાળા વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણની કોર્ટ દ્વારા તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજના હુકમથી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૯ હેઠળ સેશન્સ કોર્ટ, પાટણને કમિટ કરવામાં આવેલો. જે સેશન્સ કેસ નં.૧૦/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**(૩)** આરોપીને અદાલત સમક્ષ હાજર કરાવી તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક-૦૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૬, ૩૭૬, ૫૦૬(૨) મુજબના ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક-૦૫ થી આરોપીનું નિવેદન લેતા, આરોપીએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપી સામેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ.

**(૪)** ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | કિરણભાઇ ગાંડાજી ઠાકોર | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૦૭ |
| ૨. | હિરાભાઇ દિનેશભાઇ પટણી | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૦૯ |
| ૩. | ડો.જસવંત રેવાભાઇ યાદવ | આરોપીની તપાસ કરનાર જનરલ હોસ્પિટલ, પાટણના મેડીકલ ઓફિસર | ૧૦ |
| ૪. | ડો.રમેશભાઇ ઇશ્વરભાઇ | ભોગ બનનારની તપાસ કરનાર ધારપુર હોસ્પિટલના મેડીકલ ઓફિસર | ૧૩ |
| ૫. | ફરીયાદી/ભોગ બનનાર | ફરીયાદી/ભોગ બનનાર | ૧૮ |
| ૬. | ડો.આબિદહુસેન અહેમદહુસેન મનસુરી | ભોગ બનનારની તપાસ કરનાર જનરલ હોસ્પિટલ, પાટણના મેડીકલ ઓફિસર | ૨૯ |

| | | | |
|---|---|---|---|
| ૭. | દિપકભાઇ ભીમજીભાઇ ગઢવી | ભોગ બનનારના પિતા | ૩૫ |
| ૮. | પ્રવિણભાઇ ખીમજીભાઇ ગઢવી | ભોગ બનનારના કુટુંબી કાકા | ૩૮ |
| ૯. | સેંધાજી છનાજી ઠાકોર | ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૯ |
| ૧૦. | ગોપાળસિંહ ભુપતસિંહ ઠાકોર | આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૭ |
| ૧૧. | દિપકભાઇ રાજુભાઇ રાવળ | આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૫૨ |
| ૧૨. | મુદેવરખાન તાજદીનખાન પઠાણ | પી.એસ.ઓ. | ૫૪ |
| ૧૩. | નટવરભાઇ દાનાભાઇ પરમાર | તપાસ કરનાર અધિકારી | ૬૦ |
| ૧૪. | દિલીપકુમાર વિશ્રામભાઇ ખરાડી | તપાસ કરનાર અધિકારી | ૬૬ |

**(૫)** ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **અનુક્રમ નંબર** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૮ |
| ૨. | આરોપીની શારીરિક તપાસ અંગેનું જનરલ હોસ્પિટલ, પાટણનું મેડીકલ સર્ટીફિકેટ | ૧૧ |
| ૩. | આરોપીની શારીરિક તપાસ અંગે જનરલ હોસ્પિટલ, પાટણને ત.ક.અમલદારે કરેલ પોલીસ યાદી | ૧૨ |
| ૪. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકલ સર્ટીફિકેટ | ૧૪ |
| ૫. | ભોગ બનનારની ગાયનેક તપાસ અંગેનો ધારપુર હોસ્પિટલનો એકઝામીનેશન રીપોર્ટ | ૧૫ |
| ૬. | ભોગ બનનારની જનરલ હોસ્પિટલ, પાટણની રીફર ચીટ | ૧૬ |
| ૭. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ૧૭ |

| | | |
|---|---|---|
| ૮. | ફરીયાદ | ૧૯ |
| ૯. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનું નિવેદન | ૨૦ |
| ૧૦. | આરોપી તથા ભોગ બનનારના છુટાછેડા યાને લગ્ન વિચ્છેદના કરાર લેખની ઝેરોક્ષ ખરી નકલ | ૨૬ |
| ૧૧. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું જનરલ હોસ્પિટલ, પાટણનું મેડીકલ સર્ટીફિકેટ | ૩૦ |
| ૧૨. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના જનરલ હોસ્પિટલ, પાટણના કેસ પેપર્સ | ૩૧ |
| ૧૩. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગે જનરલ હોસ્પિટલ, પાટણને ત.ક.અમલદારે કરેલ પોલીસ યાદી | ૩૨ |
| ૧૪. | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૦ |
| ૧૫. | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૪ ના કપડા સાથેની પંચ સ્લીપો | ૪૧ થી ૪૪ |
| ૧૬. | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૮ |
| ૧૭. | મુદ્દામાલ આર્ટિકલ નં.૫ થી ૭ ના કપડા સાથેની પંચ સ્લીપો | ૪૯ થી ૫૧ |
| ૧૮. | ડેપ્યુટ હુકમ | ૫૫ |
| ૧૯. | આરોપી તથા ભોગ બનનાર રોકાયેલ તે રાજહંસ હોટલના રૂમ નં.૧૦૨ વાળી જગ્યાનું પંચનામું | ૫૬ |
| ૨૦. | આરોપી તથા ભોગ બનનાર રોકાયેલ તે વિનાયક હોટલના રૂમ નં.૩ વાળી જગ્યાનું પંચનામું | ૫૭ |
| ૨૧. | આરોપી તથા ભોગ બનનાર રોકાયેલ તે ક્રિશ્ના મેટલ ફેકટરીના પ્રથમ માળે આવેલ રૂમવાળી જગ્યાનું પંચનામું | ૫૮ |
| ૨૨. | આરોપી તથા ભોગ બનનાર રોકાયેલ તે સોમનાથ દર્શન હોટલના રૂમ નં.૫ વાળી જગ્યાનું પંચનામું | ૫૯ |
| ૨૩. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનું નિવેદન લેવા વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૧ |
| ૨૪. | મુદ્દામાલ રવાનગી પત્રક | ૬૨ |
| ૨૫. | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | ૬૩ |

| | | |
|---|---|---|
| ૨૬. | મોબાઇલના સી.ડી.આર.ની માહિતી મેળવવા અંગે ના.પો.અધિ. શ્રી, સિધ્ધપુરને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૪ |
| ૨૭. | મોબાઇલ નંબરોની કોલ ડીટેઇલ મેળવવા નોડલ ઓફિસરને ત.ક.અમલદારે મોકલી આપેલ એનેક્ષર-૯ | ૬૫ |

**(૬)** ફરીયાદ પક્ષે તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ મૌખિક પુરાવો પુર્ણ થતા, એફ.એસ.એલ. રીપોર્ટ રજુ રાખવા માટે મૌખિક વિનંતીથી મુદૃત માંગવામાં આવેલી. જો કે, ફરીયાદ પક્ષ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરવામાં નિષ્ફળ જતા હોઇ, ફરીયાદ પક્ષના વધુ પુરાવાનો હકક તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ બંધ કરી કામ આરોપીના વિશેષ નિવેદન ઉપર મુલત્વી રાખવામાં આવેલુ. ત્યારબાદ પણ ફરીયાદ પક્ષ તરફે ઘણો સમય વિત્યા છતા, એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરવામાં નિષ્ફળ ગયેલા.

**(૭)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળ આરોપીનો વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો આરોપીએ ઇનકાર કરેલ. બચાવ પક્ષે આરોપીએ કોઇ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપીએ જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી અને તેઓની સામે ખોટા આક્ષેપ વાળી ફરીયાદ કરેલ છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૮)** ત્યારબાદ બન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની લંબાણપૂર્વકની દલીલો સાંભળવામાં આવી.

**(૯)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

**(૧)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનારને તેણીની સાથે લગ્ન કરવાના ઇરાદે અથવા તેણીને લગ્ન કરવાની ફરજ પાડવાના આશયથી તેણીને લલચાવી, ફોસલાવી અગર તો તેણીના અધિકારનો દુરપયોગ કરી

બળજબરીપુર્વક અપહરણ, અપનયન કરી તથા તેણીની મરજી વિરૂધ્ધ તેણીની સાથે બળાત્કાર કરી, આરોપીએ ઇ.પી.કોડની કલમ-૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલા છે ?

**(૨)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી/ભોગ બનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૩)** શું હુકમ ?

**(૧૦)** આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા, ઉપરોક્ત મુદ્દાઓના **નિર્ણય** નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૧)** **નકારમાં.**
**(૨)** **નકારમાં.**
**(૩)** **અંતિમ હુકમ મુજબ.**

**-::: કા ર ણો :::-**

**મુદ્દા નંબર - ૧ તથા ૨ ::-**

**(૧૧)** ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોઇ, પુનરાવર્તન ટાળવાના હેતુસર સદર તમામ મુદાઓની એક સાથે ચર્ચા કરવામાં આવે છે.

**(૧૨)** આ કામના આરોપી સામે ફરમાવેલ તહોમતનામું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે કુલ-૧૪ સાહેદો તપાસી મૌખિક પુરાવો રજુ કરેલો છે. જે સાહેદો મારફતે કુલ-૨૭ જેટલા દસ્તાવેજી આધારો પણ રજુ કરવામાં આવેલા છે. આરોપી વિરૂધ્ધનું તહોમતનામું જોવામાં આવે તો, આ કામના આરોપી સામે મહત્વની કલમોમાં ઇ.પી.કો. કલમ-૩૬૬ અને ૩૭૬ મુજબના ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલુ છે. ઇ.પી.કોડની કલમ-૩૬૬ ની જોગવાઇ મુજબ, '' ભોગ બનનાર સ્ત્રીને તેણીની ઇચ્છા વિરૂધ્ધ લગ્ન કરવાના

ઇરાદાથી અથવા લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના કે તેમ કરવા ફોસલાવવાના ઇરાદાથી આરોપીએ અપહરણ અથવા અપનયન કર્યુ હોય.” જયારે બળાત્કાર સબંધી જાતિય ગુનાની જોગવાઇ ઇ.પી.કોડની કલમ-૩૭૫ માં અને તેની સજાની જોગવાઇ ઇ.પી.કોડની કલમ-૩૭૬ માં કરવામાં આવેલી છે. ઇ.પી.કોડની કલમ-૩૭૫ માં બળાત્કારની ઉંડાણપૂર્વકની વ્યાખ્યા કરેલી છે. જે મુજબ, બળાત્કારનો ગુનો પુરવાર કરવા માટે મહત્વના તત્વોમાં આરોપીએ સ્ત્રી સાથે શારીરિક સંભોગ કરેલો હોવો જોઇએ, આવો શારીરિક સંભોગ સ્ત્રીની ઇચ્છા વિરૂધ્ધ તથા તેની સંમતિ વગર કરવામાં આવેલો હોવો જોઇએ તેમજ ભોગ બનનાર કે અન્ય વ્યકિતને મૃત્યુ કે વ્યથાના ભયમાં મુકીને કે તેની સાથે ગેરરજુઆત કરીને સંમતિ મેળવવામાં આવેલી હોય તો આવી સંમતિને મુકત સંમતિ ગણી શકાય નહીં અને તેનો સમાવેશ બળાત્કારમાં કરવામાં આવેલ છે. બંને કલમોનો હાર્દ જોવામાં આવે તો, ભોગ બનનારની ઇચ્છા, સંમતિથી વિરૂધ્ધનું કૃત્ય આચરવામાં આવેલું હોવુ જોઇએ. અગર તો ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, છેતરપીંડી મારફતે સંમતિ મેળવી કૃત્ય આચરવામાં આવેલુ હોવુ જોઇએ. ફરીયાદ પક્ષે તહોમતનામું પુરવાર કરવા માટે ઢગલાબંધ સાહેદોને તપાસેલા છે. જો કે, તેમાં મહત્વના સાહેદ એટલે કે, સ્ટાર વિટનેશ સાહેદ નંબર-૫ છે, કે જેઓ સ્વયં ફરીયાદી તથા ભોગ બનનાર છે. તેઓએ આંક-૧૯ વાળી ફરીયાદ જાહેર કરેલી અને તે આધારે ગુનાની તપાસ શરૂ થઇ, આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલુ. આ કામના ભોગ બનનાર સાથે લગ્ન બાહય સંભોગ અને અપહરણ તથા અપનયન સબબના ગંભીર ગુનાઓ આચરાયેલા હોય, ભોગ બનનારની જુબાની ખુબ જ મહત્વની બની રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક કેસોમાં અવલોકન કરી ઠરાવેલુ છે કે, જાતિય ગુનામાં જો ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાલાયક જણાઇ આવતો હોય તો એકમાત્ર ભોગ બનનારના પુરાવાને આધારે પણ આરોપીને દોષિત ઠરાવી શકાય છે. જેથી ભોગ બનનારના પુરાવાનું ચીવટપૂર્વક મુલ્યાંકન કરીએ.

**(૧૩)** સાહેદ નંબર-૫ ભોગ બનનારનો પુરાવો ચીવટપૂર્વક જોવામાં આવે તો એવી હકીકત સ્વીકૃત રીતે બહાર આવેલી છે કે, ભોગ બનનારની જન્મ તા.૩૧/૦૭/૧૯૯૭ ની છે. તેણીએ પાટણ ખાતે પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજમાં એફ.વાય.બી.એ.સુધીનો અભ્યાસ

કરેલો છે. આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામા સબંધી ભોગ બનનારે જે મહત્વનો પુરાવો આપેલો છે તે જોવામાં આવે તો, તેણીએ એવી હકીકત જાહેર કરેલી કે, તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ તેણી પોતાના માવતરના ઘરેથી સવારે સાડા સાત વાગે બસમાં બેસી સંસ્કૃતની પરીક્ષા આપવા માટે કોલેજ ગયેલી. તેણીએ કોલેજ જતા સમયે પોતાનો મોબાઇલ ફોન પણ સાથે લીધેલો. તેણીનું પેપર પુરૂ થયા બાદ તેણીના મોબાઇલ ઉપર આરોપીનો ફોન આવેલો અને જણાવેલુ કે, તે તેણીને લેવા આવે છે તેમ કહી આરોપી કોલેજની અંદર બાઇક લઇને આવેલો અને ભોગ બનનારને તેણીના ભાઇને જાનથી મારી નાંખવાની ધમકી આપી બાઇક ઉપર બેસાડી ચાણસ્મા થઇ બહુચરાજી લઇ ગયેલો. ત્યાંથી મરતોલી ગામે ગયેલા. ત્યાંથી મહેસાણા ગયેલા. જયાં આરોપીએ તેનું બાઇક ગેરેજમાં વેચી દીધેલુ અને બંને જણા બસમાં બેસી પાલનપુર ગયેલા. પાલનપુર કોર્ટમાં જઇ નોટરીમાં સહીઓ કરેલી. બાદ સોમનાથ, માઉન્ટ આબુ અને સુરત પાંડેસરા ગામે એલ્યુમીનીયમની ફેકટરીમાં આશરે ત્રણેક માસ જેટલો સમય રોકાયેલા. ત્યારબાદ ત્યાંથી વીજાપુર આગલોડ ગામે પેપર મીલમાં ગયેલા. વીજાપુર કોર્ટમાં ગયેલા. જયાં ભોગ બનનારે નોટરી રૂબરૂ સહીઓ કરેલી. તે સમયે આરોપીના બહેન-બનેવી પણ સાથે હતા. બાદ વીજાપુરના આગલોડ ગામની પેપર મીલમાં પરત ફરેલા. તે સમયે આરોપીના કાકા-કાકી અને માતાએ જણાવેલુ કે, તેણીના મમ્મી પપ્પા તેણીને બોલાવે છે, તેમ કહી ગાડીમાં બેસાડી બાલીસણા પાસે સરદાર ચોકમાં છોડીને જતા રહેલા. જયાં તેણીના માતા-પિતા તેણીને લેવા આવેલા અને ત્યાંથી બાલીસણા પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યારબાદ ત્યાંથી પાટણ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગયેલા. ભોગ બનનારના પુરાવા મુજબ, આ સમગ્ર સમયગાળા દરમ્યાન આરોપીએ તેણીની સાથે ધાક ધમકી આપી અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજારેલો. ભોગ બનનારે આરોપી વિરૂધ્ધ તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ પાટણ સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરીયાદ આપેલી. ભોગ બનનારે આપેલી ફરીયાદ આંક-૧૯ થી રજુ થયેલી છે. તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનારનું ક્રિ.પ્રો.કો. કલમ-૧૬૪ નું નિવેદન નોંધાવવા માટે મેજીસ્ટ્રેટ રૂબરૂ લઇ ગયેલા. જયાં ભોગ બનનારે મેજીસ્ટ્રેટ સમક્ષ સોગંદ ઉપર નિવેદન આપેલુ. જે નિવેદન આંક-૨૦ થી રજુ કરવામાં આવેલુ છે. બચાવ પક્ષે ભોગ બનનારના પુરાવાને ઉલટતપાસથી પડકારેલો. ભોગ બનનારની ઉલટતપાસ જોતા, એવી હકીકત પુરવાર થાય છે કે, ભોગ બનનાર અને

આરોપી હાલના બનાવના પહેલા પણ એકબીજાની સંમતિથી લાંબો સમય સાથે રહેલા હતા. તેઓએ લગ્ન કરી લગ્નની નોંધણી લોટીયા ગ્રામ પંચાયતમાં તા.૨૯/૧૦/૨૦૧૬ ના રોજ કરાવેલી. જે પક્ષકારોની લગ્નની નોંધણીનો કરાર આંક-૧૮ થી રજુ રાખેલો છે. ઉલટતપાસમાંથી એવી પણ હકીકત પુરવાર થાય છે કે, તેઓના આ સબંધના કારણે ભોગ બનનારને ગર્ભ રહેલો હતો અને તેણીને આઠ માસનો ગર્ભ હતો ત્યારે આરોપી સાથે છુટાછેડાનો કરાર કરવામાં આવેલો. જે કરાર આંક-૨૬ થી રજુ થયેલો છે. સદરહુ કરાર તા.૦૫/૦૫/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલો. જે કરારમાં કહેવાતા ગર્ભસ્થ બાળક અવતરે ત્યારે તેનો કબજો આરોપીને સોંપવાની શરત રાખવામાં આવેલી હતી. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે, આ સમયે તેણીએ કે તેના માવતરે આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ કે ફોજદારી કેસ કરેલો ન હતો. સાહેદને ઉલટતપાસમાં માર્ક-૨૫/૨ થી ૨૫/૧૨ વાળા દસ્તાવેજો બતાવી એવા સવાલો કરવામાં આવેલા કે, ભોગ બનનારને આરોપી સાથે ત્યારબાદ પણ એકતરફી પ્રેમ હતો. ભોગ બનનાર આરોપીને પામવા માંગતા હતા. ભોગ બનનારે સ્વયં આરોપીને ફરીથી ભાગી જઇ સાથે રહેવા માટે ઉશ્કેરેલા હતા અને ભાગી ગયા બાદ આંક-૨૬ વાળો છુટાછેડાનો કરાર ફોક કરવા માટે પાલનપુરમાં નોટરી રૂબરૂ કરાર કરેલો અને ફરીથી પતિ-પત્ની તરીકે રહેવા માટે સોગંદનામાઓ કરવામાં આવેલા. બચાવપક્ષે ભોગ બનનારને તેણીએ લખેલા કેટલાક પ્રેમ પત્રો પણ આ સબબ બતાવેલા. જો કે, ભોગ બનનારે આ તમામ હકીકતોનો સ્વીકાર કરેલો ન હતો. જો કે, ભોગ બનનારે સરતપાસમાં જ સ્વીકારેલુ કે, તેણીને પાલનપુર ખાતે કોર્ટમાં લઇ જઇ નોટરી રૂબરૂ સહીઓ લેવામાં આવેલી. તેવી જ રીતે, વીજાપુર ખાતે પણ કોર્ટમાં નોટરી રૂબરૂ સહીઓ લેવામાં આવેલી. આમ, એક યા બીજી રીતે તો ભોગ બનનારે સ્વીકારેલુ જ છે કે, તેણી સહીઓ માટે નોટરી સમક્ષ ગયેલી. કહેવાતા બનાવનો પીરીયડ જોવામાં આવે તો, ભોગ બનનાર તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ કોલેજમાં પેપર પુરૂ થયા બાદ આરોપીના કબજામાં હતી અને તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ ફરીયાદ જાહેર કરેલી, તે અરસા દરમ્યાન આરોપી સાથે જ હતી. ભોગ બનનારના પુરાવામાંથી બહાર આવેલુ છે કે, તેણી આરોપી સાથે અનેક ઠેકાણે ફરેલી છે, કોર્ટ કચેરીમાં ગયેલી છે, નોટરી વકીલોને મળેલી છે, ફેકટરીઓમાં આવેલ ઔરડીમાં લાંબો સમય રોકાણ કરેલુ છે. આ તમામ ગાળો આશરે ત્રણ માસ જેટલો થયેલો. આ દરમ્યાન ભોગ બનનારે કયારેય આરોપી પાસેથી છટકવાનો કોઇ પ્રયત્ન કરેલો

હોય, ભોગ બનનારે પ્રતિકાર કરેલો હોય, ભોગ બનનારે સ્વતંત્ર વ્યકિતઓ કે વકીલ સમક્ષ તેણીની મુકત સંમતિ ન હોય તેવો પાસે મદદ માગેલી હોય તેવી કોઇ જ કાર્યવાહી કરેલી નથી અગર તો સ્વતંત્ર ઇસમો સામે આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ કરેલી હોય તેવુ પણ ફલિત થતુ નથી. ભોગ બનનાર પાસે આ અરસામાં તેણીનો મોબાઇલ પણ હતો. તેણીએ મોબાઇલ થકી પણ આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ તેમના માવતરે કે અન્ય ત્રાહિત વ્યકિતને જણાવેલી હોય તેવુ જણાઇ આવતુ નથી. ભોગ બનનારે સ્વીકારેલુ કે, તેણીને કોલેજમાંથી ટેબ્લેટ મોબઇલ મળેલો અને તે તેણીની પાસે હતો. બચાવપક્ષે એવા પણ સૂચક સવાલો કરેલા કે, ભોગ બનનાર અને આરોપી બંનેની મુકત સંમતિથી તેઓ સાથે હતા તે હકીકતની જાણ તેણીના માતા-પિતાને હતી, ભોગ બનનાર તેણીના માતા-પિતાના સંપર્કમાં હતી, અવાર નવાર વાતચીત કરતી હતી, ભોગ બનનારે તેણીના માતા-પિતાને હવનમાં આવવા માટે આમંત્રણ પણ આપેલુ, જે સવાલોનો ભોગ બનનારે ઇન્કાર કરેલો. જો કે, રેકર્ડ જોતા એટલુ પ્રસ્થાપિત થયેલુ જ છે કે, ભોગ બનનાર અને આરોપી અગાઉ પણ આ રીતે સાથે રહેલા હતા તે દરમ્યાન કોઇ ફરીયાદ થયેલી ન હતી. ભોગ બનનાર આરોપી સાથે નાસી ગયેલા તેમ છતા તેમના માવતર તરફથી પોલીસમાં આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ આપેલી હોય તેમ જાહેર થયેલુ નથી. ચોકકસ, આંક-૧૯ વાળી ફરીયાદમાં એવો ઉલ્લેખ કરેલો કે, તેણીના પિતાજીએ ગુમસુધાની જાણવા જોગ આપેલી હતી. જો કે, તેણીના પિતા સારી રીતે જાણતા જ હતા કે, ભોગ બનનારને આ કામના આરોપી લઇ ગયેલા છે. તેમ છતાં, તેઓ દ્વારા આરોપી વિરૂધ્ધ તે સમયે કોઇ ફરીયાદ આપવામાં આવેલી ન હતી. સાહેદને એ સૂચક સવાલ પણ કરવામાં આવેલો હતો કે, તેણી આરોપી સાથે બીજી વાર જતી રહેલી ત્યારે તેણીને ગર્ભ રહી ગયેલો. જે ગર્ભ ભોગ બનનારે પડાવી નાંખેલો. જો કે, આ સવાલનો ભોગ બનનારે સ્વીકાર કરેલો ન હતો. પરંતુ, સાથે સાથે ડોકટરશ્રીનો પુરાવો જોવામાં આવે તો એવુ બહાર આવેલુ જ છે કે, ભોગ બનનારને શારીરિક ચકાસણી માટે તેઓની સમક્ષ લાવવામાં આવેલી ત્યારે ભોગ બનનારને ગર્ભ રહેલ હતો. આમ, ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો તેણીએ ઇરાદાપૂર્વક કેટલીક સત્ય હકીકતોનો સ્વીકાર કરેલો ન હતો. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય ગણી શકાય નહીં. તેણીએ માત્ર આરોપી વિરૂધ્ધ જોરજબરજસ્તીથી હકીકતો જ જણાવેલી હતી. જયારે પુરાવો જોવામાં આવે તો, ભોગ બનનાર સાથે જોરજબરજસ્તીના કારણે કોઇ ઇજાઓ થયેલી હોય તેવુ છતુ થયેલુ નથી.

ભોગ બનનારના પુરાવા મુજબ, તેણી આરોપીની ધાક ધમકીના ભયના કારણે આરોપી સાથે ગયેલી હતી. જે હકીકત સહેજપણ સ્વીકારવાને પાત્ર નથી. ઉલટાનું ભોગ બનનાર તો આરોપી સાથે અગાઉ પણ રહેલી છે. તેણીએ આઠ માસનો ગર્ભ પણ રહેલો હતો અને ત્યારબાદ બીજી વખત પણ ગર્ભ રહેલો હતો. તેણી આરોપી સાથે ભૂતકાળથી સારી રીતે પરિચીત હતી. તેણી તેણીના માવતરથી લાંબો સમય દુર રહેલી હતી. ત્યારે આરોપી તેણીના ભાઇ-બહેનને મારી નાંખવાની ધમકી આપે અને ભોગ બનનાર તેના શરણે થાય તે હકીકત માત્ર અને માત્ર ભોગ બનનારે આરોપીને ગુનામાં સંડોવવા માટે ઉપજાવી કાઢેલી હોવાનું ફલિત થાય છે.

**(૧૪)** સાહેદ નંબર-૭ ભોગ બનનારના પિતા છે. તેઓએ પુરાવામાં માત્ર તેઓની દિકરી સાહેદ નંબર-૫ મળી આવ્યા બાદ જે કથનો જણાવેલા તે દોહરાવેલા હતા. તેઓએ સ્વતંત્ર કોઇ પુરાવો આપેલો હોય તેવુ તેમનો પુરાવો વંચાણે લેતા બહાર આવતુ નથી. પરંતુ, તેઓએ બચાવપક્ષની એ હકીકતોનો સ્વીકાર કરેલો હતો કે, તેઓની દિકરીને આરોપી બે વખત લઇ ગયેલો હતો. પરંતુ, તેઓએ એ વાતનો ઇન્કાર કરેલો કે, આરોપીએ ભોગ બનનાર સાથે લગ્ન કરી લીધેલા હોય તેઓએ પ્રથમ વખત ફરીયાદ કરેલી નહીં. તેઓએ એ વાતનો પણ ઇન્કાર કરેલો કે, તેઓની દિકરી પ્રથમ વખત મળી આવેલી ત્યારે તેણીને આઠ માસનો ગર્ભ હતો. આમ, સાહેદે સ્વીકૃત હકીકતથી વિરૂધ્ધનો પુરાવો આપેલો છે. ત્યારે તેમના પુરાવા ઉપર વજન આપી શકાય નહીં. તેઓ ભોગ બનનારના પિતા છે. જેથી સ્વાભાવિક છે કે, માત્ર રસ ધરાવતો પુરાવો દોહરાવે. જો કે, સમગ્ર ઉલટતપાસ જોતા, સાહેદે સ્વીકારેલુ કે, આંક-૨૬ વાળો છુટાછેડાનો લેખ કરવામાં આવેલો હતો. સાહેદે ઉલટતપાસમાં સદર લેખ ધાકધમકીપૂર્વક લખાયો હોવાનો ખુલાસો કરેલો. જો કે, તેના વિરૂધ્ધ સાહેદે કોઇ પગલા ભરેલા હોય તેવુ છતુ થતુ ન હતુ. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે, તેઓની દિકરી બીજી વખત તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ ચાલી ગયેલી એટલે કે, હાલના બનાવની પણ તેઓ મારફતે કોઇ પોલીસ ફરીયાદ આપવામાં આવેલી ન હતી. તેઓએ એ વાતનો પણ સ્વીકાર કરેલો કે, તેમની દિકરીએ આરોપી સાથે લગ્ન કરેલા, જે સામે તેઓએ કે તેમની દિકરીએ અદાલત મારફતે છુટાછેડા મેળવવા કોઇ અરજી કરેલી ન હતી. આમ, સાહેદનો પુરાવો માત્ર ફરીયાદ આપ્યા બાદ ફરીયાદના અનુરૂપ સિમીત પુરાવો

છે. અદાલતની ફરજ છે કે, ધાનમાંથી કચરો અલગ કરી ધાન સ્વચ્છ કરે. એટલે કે, પુરાવા થકી સત્યતા બહાર લાવે. સાહેદનો પુરાવો સત્ય હકીકતોને છુપાવતો હોય, ત્યારે આવા સાહેદને વિશ્વસનીય સાહેદ ગણી શકાય નહીં. જો કે, એક યા બીજી રીતે તેઓએ માત્ર સાંભળેલી હકીકતો જ જણાવેલી છે. બીજા શબ્દોમાં સાહેદને બનાવ અંગેની કોઇ જાત માહિતી નથી.

**(૧૫)** સાહેદ નંબર-૮ પ્રવિણભાઇ ખીમજીભાઇ ગઢવી ભોગ બનનારના કુટુંબી કાકા છે અને તેઓએ માત્ર સાંભળેલી હકીકતો જણાવેલ છે. પરંતુ, ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, કહેવાતો બનાવ સને-૨૦૧૯ માં બનેલો તે પહેલા પણ અગાઉ સને-૨૦૧૭ માં ભોગ બનનાર આરોપી સાથે નાસી ગયેલી અને તેઓના લગ્ન થયેલા અને જેની નોંધણી કરવામાં આવેલી હતી, તે સમયે ભોગ બનનાર તેણીના માતા-પિતાના સંપર્કમાં હતી અને તે સમયે આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ જાહેર કરેલી ન હતી. તે સમયે ભોગ બનનાર તથા આરોપી પતિ-પત્ની તરીકે સાથે રહેતા હતા. બાદ તેઓએ છુટાછેડાનો કરાર કરેલો હતો. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે, બાદ તેઓની ભોગ બનનાર ભત્રીજી આરોપી સાથે બીજીવાર ગયેલી અને આગલોડ મુકામે રહેતી હતી તેવુ આરોપીના પાડોશી મારફતે તેમણે જાણેલુ. બાદ ભોગ બનનાર મળી આવતા તેણીના તેમના સમાજમાં તેઓએ લગ્ન કરાવી દીધેલા. ફરીયાદ પક્ષે તપાસેલા આ બંને સાહેદો ભોગ બનનારના નજીકના સગા છે. તેઓએ માત્ર સાંભળેલી હકીકતો દોહરાવેલી છે. જેથી તેઓના પુરાવા ઉપર વધુ વજન આપી શકાય નહીં. તેઓનો પુરાવો માત્ર મુખ્ય પુરાવો વિશ્વસનીય જણાતો હોય ત્યારે સમર્થનના હેતુ માટે ઉપયોગમાં લઇ શકાય.

**(૧૬)** આ ઉપરાંત, તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનારની અને આરોપીની શારીરિક ચકાસણી કરાવેલી. ડોકટર પાસેથી આ સબબના આધારો મેળવેલા. કહેવાતી ગુનાવાળી જગ્યાના પંચનામા કરેલા. ભોગ બનનાર અને આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાઓ કરેલા. આ તમામ પુરાવા મુળ પુરાવાના સમર્થનમાં ઉપયોગમાં લેવાના હોય છે. ઉપર ચર્ચા કરી તેમ ભોગ બનનાર અને આરોપી સને-૨૦૧૭ થી એકબીજાના સંપર્કમાં હતા. ભોગ બનનારે તેણીના માતા-પિતા અને કુટુંબીજનોની ઇચ્છા વિરૂધ્ધ આરોપી વિરૂધ્ધ લાંબો સહવાસ કરેલો છે. ભોગ બનનારે પુરાવામાં આ તમામ હકીકતોનો સ્વીકાર કરેલો

છે. ત્યારે સમર્થનકારી પુરાવાઓ ઔપચારિક ગણાય. તેમ છતા, આવા પુરાવાની ટુંકમાં ચર્ચા કરી લઇએ.

**(૧૭)** સાહેદ નંબર-૧ કિરણભાઇ ગાંડાજી ઠાકોર અને સાહેદ નંબર-૨ હિરાભાઇ ગીરીશભાઇ પટણી મારફતે બનાવવાળી જગ્યાનું આંક-૮ વાળુ પંચનામું રજુ કરવામાં આવેલુ છે. જે પંચનામું પંચ સાહેદો મારફતે પુરવાર થયેલુ ન હતુ. આંક-૮ ના પંચનામાની હકીકતને સમર્થન ન મળતુ હોય, બંને સાહેદોને ફરી ગયેલા સાહેદો જાહેર કરવામાં આવેલા. જેથી તેની વધુ ચર્ચા કરતો નથી.

**(૧૮)** સાહેદ નંબર-૯ સેંધાજી છનાજી ઠાકોર, સાહેદ નંબર-૧૦ ગોપાળસિંહ ભુપતસિંહ ઠાકોર અને સાહેદ નંબર-૧૧ દિપકભાઇ રાજુભાઇ રાવળનાઓ મારફતે અનુક્રમે આંક-૪૦ થી ભોગ બનનારના કપડા કબજે કર્યાનું તથા આંક-૪૮ થી આરોપીના બનાવ સમયના કપડા કબજે કર્યાનું પંચનામું રજુ થયેલુ છે. ભોગ બનનારના પુરાવાને ફરીથી યાદ કરવામાં આવે તો તેણીએ તેણીના પુરાવામાં કયા કપડા બનાવ સમયે પહેરેલ અને આરોપીએ પહેરેલા હતા તેવો કોઇ ઉલ્લેખ કરેલો જ નથી. ત્યારે આવા કપડા કબજે કરી પૃથ્થકરણ અર્થે મોકલવાની પ્રક્રિયા માત્ર ઔપચારિક છે. જો કે, રજુ થયેલા પંચનામાઓને પંચ સાહેદોએ પણ સમર્થન આપેલુ ન હતુ. આથી તેઓના પુરાવાઓની વિગતવાર ચર્ચા કરતો નથી.

**(૧૯)** સાહેદ નંબર-૩ ડો.જશવંત રેવાભાઇ યાદવ સમક્ષ તપાસ કરનાર અધિકારી આરોપીને શારીરિક ચકાસણી અર્થે લઇ ગયેલા. ડોકટરશ્રીએ આરોપીની હિસ્ટ્રી મેળવેલી, જરૂરી મેડીકલ સેમ્પલો મેળવેલા અને શારીરિક ચકાસણી બાદ એવો અભિપ્રાય આપેલો કે, આરોપી શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ છે. આ અંગેનું મેડીકલ સર્ટીફિકેટ આંક-૧૧ થી રજુ કરેલુ છે. આંક-૧૧ માં આરોપીએ ડોકટર સમક્ષ જે હિસ્ટ્રી જણાવેલી તેમાં બંને વ્યકિતઓ પુખ્ત વયના હોય અને એકબીજાની સંમતિપૂર્વક સંભોગ માણેલાનો સ્વીકાર કરવામાં આવેલો.

**(૨૦)** સાહેદ નંબર-૬ ડો.આબીદહુસેન મનસુરી જનરલ હોસ્પિટલ, પાટણમાં

ફરજ બજાવતા હતા. તેઓની સમક્ષ ભોગ બનનારને તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ શારીરિક ચકાસણી અર્થે લાવવામાં આવેલા. ડોકટરશ્રીએ શારીરિક ચકાસણી બાદ કોઇ અભિપ્રાય આપેલો ન હતો. ડોકટરશ્રીએ હિસ્ટ્રી મેળવેલી હતી. જે મહદઅંશે ભોગ બનનારે આપેલી ફરીયાદનું પુનરાવર્તન જણાઇ આવે છે. ડોકટરશ્રીએ ઉલટતપાસમાં સ્વીકારેલુ કે, તેઓએ ભોગ બનનારની આંતરિક તપાસણી કરેલી ન હતી અને તેઓ મારફતે આ સબબનો કોઇ અભિપ્રાય રજુ થઇ શકેલો ન હતો. ડોકટરશ્રીએ તેઓના પુરાવામાં અનુક્રમે આંક-૩૦ થી આંક-૩૨ ના તેમની હોસ્પિટલના કેસ પેપર્સ અને સર્ટીફિકેટ ઓળખાવી રજુ કરેલા.

**(૨૧)** સાહેદ નંબર-૪ ડો.રમેશભાઇ ઇશ્વરભાઇ પ્રજાપતિના પુરાવા મુજબ, તેઓની હોસ્પિટલમાં ગાયનેક ડો.પુનમ લોઢે દ્વારા ભોગ બનનારની આંતરિક ચકાસણી થયેલી અને એવો અભિપ્રાય આપવામાં આવેલો કે, ભોગ બનનાર સાથે શરીર સંબંધ બંધાયેલો હોઇ શકે છે. આ સાહેદ સમક્ષ ભોગ બનનારે હિસ્ટ્રી આપેલી તે સાહેદ નંબર-૬ ની સમક્ષ આપેલી હિસ્ટ્રીથી વિપરીત છે. આ સાહેદ સમક્ષની હિસ્ટ્રીમાં ભોગ બનનારે તેણીની મરજીથી આરોપી સાથે શરીર સંબંધ બાંધ્યાનું જાહેર કરેલુ હતુ. ડોકટરશ્રીએ તૈયાર કરેલુ મેડીકલ સર્ટીફિકેટ આંક-૧૪ થી રજુ કરેલુ છે. આંક-૧૫ થી ગાયનેક ડોકટરશ્રીએ તૈયાર કરેલુ સર્ટીફિકેટ રજુ કરેલુ છે. જયારે આંક-૧૭ થી તેઓની હોસ્પિટલના અન્ય ડોકટરશ્રીઓએ ભોગ બનનારની કરેલી શારીરિક ચકાસણીના કેસ પેપર્સ રજુ કરેલા છે. આમ, આ સાહેદે તો માત્ર અન્ય ડોકટરશ્રીઓએ કરેલી કામગીરીના આધારે આંક-૧૪ વાળુ સર્ટીફિકેટ તૈયાર કરેલુ છે. ફરીયાદ પક્ષે રજુ થયેલા અન્ય સર્ટીફિકેટ અને કેસ પેપર્સ સક્ષમ ડોકટરને તપાસી પુરવાર કરેલા નથી.

**(૨૨)** હાથ ઉપરના કામે ફરીયાદ પક્ષ મારફતે ત્રણ પોલીસ સાહેદોને તપાસવામાં આવેલા છે. સાહેદ નંબર-૧૨ મુદેવરખાન પઠાણ જે તે સમયે પાટણ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ આ કામના ભોગ બનનારે તેઓની રૂબરૂમાં આંક-૧૯ વાળી ફરીયાદ હકીકત જણાવતા તેઓએ ભોગ બનનારના લખાવ્યા મુજબ ફરીયાદ લખી ગુનો રજીસ્ટરમાં ચઢાવી ગુનાની તપાસ આંક-૫૫ નો ડેપ્યુટ હુકમ તૈયાર કરી પી.એસ.આઇ.શ્રી એન.ડી.પરમારનાઓને સુપ્રત કરેલી. સાહેદે આંક-૧૯ ની ફરીયાદ જોઇને રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી.

જો કે, સાહેદે તેઓની રૂબરૂમાં કઇ હકીકતો સબબની ફરીયાદ જાહેર કરેલી તે અંગે કોઇ વિગતો જણાવેલી ન હતી. તેઓએ સ્વીકારેલુ કે, ગુનાની તેઓને કોઇ જાત માહિતી જ ન હતી.

**(૨૩)** સાહેદ નંબર-૧૩ નટવરભાઇ દાનાભાઇ પરમાર સમક્ષ આંક-૧૯ વાળી ફરીયાદ તપાસ અર્થે પી.એસ.ઓ.એ મોકલેલી. તેઓએ ગુનાના કામે કરેલી તપાસની ટુંકમાં વિગતો જાહેર કરેલી. તેઓ મારફતે અનુક્રમે આંક-૬૧ થી આંક-૬૫ વાળા દસ્તાવેજો રજુ થયેલા. જે દસ્તાવેજો તપાસ દરમ્યાન કરેલી કાર્યવાહી દરમ્યાનની યાદીઓ અને એફ.એસ.એલ. તથા સી.ડી.આર.ને લગત પત્રોચ્ચાર છે. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલુ કે, તેઓ પાસે રહેલી તપાસમાં એવુ ખુલેલુ કે, ભોગ બનનારે વીજાપુર અને પાલનપુર કોર્ટમાં નોટરી રૂબરૂ સોગંદનામા કરેલા હતા તથા ભોગ બનનાર અને આરોપીએ છુટાછેડા લીધેલાના પણ કરાર કરેલા હતા અને છુટાછેડાના કરાર દરમ્યાન ભોગ બનનાર ગર્ભવતી હોવાનું જાહેર થયેલુ. જે સોગંદનામા કે છુટાછેડાના કરાર તેઓએ તપાસના કામે કબજે કરેલા ન હતા કે તે લગત કોઇ ઉંડાણપૂર્વકની તપાસ કરેલી ન હતી. તેઓએ કરેલી તપાસમાં એવુ જાહેર થયેલુ ન હતુ કે, ભોગ બનનાર અને આરોપીએ અગાઉ લગ્ન કરેલા હતા. આમ, તપાસ કરનાર અધિકારીનો પુરાવો ઉલટતપાસ જોતા, સંકુચિત જણાઇ આવે છે. તેઓએ સત્ય શોધીને ચાર્જશીટ કરેલુ હોય તેવુ સ્પષ્ટ થતુ નથી.

**(૨૪)** તેવી જ રીતે, સાહેદ નંબર-૧૪ દિલીપકુમાર વિશ્રામભાઇ ખરાડીએ સાહેદ નંબર-૧૩ નાઓ પાસેથી તપાસ સંભાળી લઇ, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલુ. સાહેદના પુરાવા મુજબ, તપાસમાં તેઓએ માત્ર ભોગ બનનાર અને આરોપી જે જે સ્થળે રોકાયેલા હતા તે સબબના તેઓએ પંચનામા કરી પુરાવાઓ એકઠા કરેલા. સદર તપાસ કરનાર અધિકારીએ સાહેદ નંબર-૧૩ થી વિપરીતપણે પુરાવામાં જાહેર કરેલુ હતુ કે, તેઓએ ભોગ બનનાર અને આરોપીએ ભૂતકાળમાં જયાં જયાં નોટરી રૂબરૂ સોગંદનામાઓ કે છુટાછેડા કરાર કરેલા હતા તે દસ્તાવેજો કબજે કરેલા હતા. તેઓએ સ્વીકારેલુ કે, ભોગ બનનાર અને આરોપીએ ભૂતકાળમાં લગ્ન કરેલા હતા તેવુ તેમની તપાસમાં બહાર આવેલુ. સાહેદે સ્વીકારેલુ કે, તેઓએ સદર દસ્તાવેજોને તેમના ચાર્જશીટનો ભાગ બનાવેલા ન હતા.

**(૨૫)** બચાવપક્ષે ફરીયાદ પક્ષના પુરાવાને પડકારી એવો બચાવ શોધેલો હતો કે, કહેવાતા બનાવના દિવસે ભોગ બનનાર મોબાઇલ સાથે પરીક્ષા આપવા કોલેજમાં આવેલી હતી અને ત્યાંથી તેણીનું અપહરણ થયેલુ તો આ સબબ કોલેજ કમ્પાઉન્ડમાં લગાવવામાં આવેલા સી.સી.ટીવી. કેમેરાઓ કોલેજ ગેટ ઉપર ફરજ બજાવતા સીકયુરીટી ગાર્ડના માણસો કે કોલેજમાં પરીક્ષા આપવા આવેલા અન્ય વિદ્યાર્થીઓ કે ફરજ ઉપરના કર્મચારી કે પ્રોફેસરોએ આરોપી ભોગ બનનારને જબરજસ્તીથી કે લલચાવીને બાઇકમાં ભગાડીને લઇ ગયેલા હોય તેવો પુરાવો આવેલો ન હતો. તેવી જ રીતે, ભોગ બનનારે પ્રતિકાર કરી મદદ માટે કોઇ બુમાબુમ કરેલી હોય કે આજુબાજુમાંથી વિદ્યાર્થીઓ કે કોલેજ સ્ટાફ ભોગ બનનારને બચાવવા આવેલા હોય તેવો કોઇ પુરાવો આવેલો નથી. કહેવાતા ભરચક માર્ગ ઉપરથી ભોગ બનનારની સંમતિ સિવાય આરોપી ભોગ બનનારને તેની બાઇક પાછળ બેસાડી લઇ જાય તેવુ ફરીયાદ પક્ષના કેસની હકીકત જોતા સંભવિત નથી તથા ભોગ બનનાર અને આરોપી બંને સાથે ચારથી પાંચ માસ જેટલો લાંબો સમય સાથે રોકાયેલા હોવા છતા આ દરમ્યાન કોઇ ફરીયાદ થયેલી ન હતી અને ભોગ બનનારે તેના પિતા પાસે પહોંચ્યા બાદ આરોપી વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરેલી. જે વિલંબથી જાહેર થયેલી ફરીયાદમાં આ વિલંબ અંગેની કોઇ સ્પષ્ટતા કરેલી જ ન હતી. હું એ વાત સાથે સહમત છું કે, જાતિય ગુનામાં વિલંબથી આપવામાં આવેલી ફરીયાદ ઘાતક હોઇ શકે નહીં. પરંતુ, પુરાવો અને પરિસ્થિતી એ તરફ અંગુલીનિર્દેશ કરતા હોય કે ભોગ બનનાર કે તેણીના માવતર પાસે ફરીયાદ કરવા માટે પુરતો સમય અને સ્વતંત્રતા હતી તેમ છતા જે તે સમયે ફરીયાદ જાહેર થયેલી ન હતી. પુરાવો જોતા, આરોપી અને ભોગ બનનાર પ્રથમ વખત નાસી ગયા હોય તેવો હાલનો કેસ નથી. ભોગ બનનાર અને આરોપી ભૂતકાળમાં પણ સાથે રહેલા જ હતા અને જો ત્યારબાદ આરોપી બદઇરાદાપૂર્વક ભોગ બનનારની મરજી વિરૂધ્ધ ભોગ બનનારને ભગાડી જાય અને ફરીયાદ ન જાહેર થાય તો આવી વિલંબવાળી ફરીયાદ શંકાથી પર ગણી શકાય નહીં. સદર કામે આરોપી સાથે ગયા બાદ તેણીએ પાલનપુર તથા વિજાપુર નોટરી અને વકીલ સમક્ષ સહીઓ કરેલી હતી, ત્યારે પણ તેણીએ આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ જાહેર કરેલી ન હતી અગર તો કહેવાતા કરારમાં સહી કરતા સમયે કોઇ વિરોધ કરેલો ન હતો. બીજા શબ્દોમાં તેણીએ આ તમામ સ્થળે પોતાની મુકત સંમતિ આપેલી હતી. ભોગ બનનારે મેજીસ્ટ્રેટ રૂબરૂ આંક-૨૦ વાળુ નિવેદન આપેલુ. તેમાં પાટણના વિ.મેજીસ્ટ્રેટ સમક્ષ

સ્વીકારેલુ કે, તેણીના અગાઉ આરોપી સાથે લગ્ન થયેલા હતા. આ નિવેદનના અંતે તેણીએ સહી કરેલી. ભોગ બનનારે એવો બચાવ લીધેલો કે, સદર લગ્ન થોડાક સમય બાદ છુટાછેડામાં પરિણમેલો અને તે સબબનો લેખિત દસ્તાવેજ આંક-૨૬ વાળો કરવામાં આવેલો. સદર આંક-૨૬ વાળા દસ્તાવેજનો અભ્યાસ કરતા એવુ બહાર આવે છે કે, ભોગ બનનાર અને આરોપીએ તા.૦૫/૦૫/૨૦૧૭ ના રોજ તેઓના લગ્નજીવનનો પરસ્પરની સંમતિથી અંત લાવેલા. જે દસ્તાવેજમાં પણ ભોગ બનનાર અને આરોપીના અગાઉ લોટીયા ગામ મુકામે લગ્ન થયેલાનું વર્ણન કરવામાં આવેલુ છે. ભોગ બનનારે આંક-૨૬ વાળા દસ્તાવેજને સ્વીકૃતિ આપેલી હતી. ત્યારે તેને અનુલક્ષીને બચાવપક્ષે શોધેલા અને રીફર કરેલા અન્ય દસ્તાવેજો કે જે આંક-૨૫ થી રીફર કરેલા અને જેને પુરાવામાં માર્ક-એ આપવામાં આવેલો હતો તે ધ્યાનમાં લઇ શકાય છે. આંક-૨૬ વાળા દસ્તાવેજમાં ભોગ બનનાર સાથે તેણીના પિતા અને સાક્ષીઓની સહીઓ હતી અને પાછળથી ભોગ બનનારના પિતા કે તપાસ કરનાર અધિકારી આવા દસ્તાવેજો ઉપર દુર્લક્ષ સેવે અને પુરાવામાં સ્વીકૃત ના કરતા હોય ત્યારે તેઓનો પુરાવો પણ તેટલા અંશે ઇરાદાપૂર્વકનો પૂર્વગ્રહયુકત માની શકાય.

**(૨૬)** અગાઉ ચર્ચા કરી તેમ ભોગ બનનારે તેણીના પુરાવામાં એક યા બીજી રીતે આરોપી સાથે સંબંધ હોવાનું સ્વીકારેલુ. બીજી વખત પણ તેણી આરોપી સાથે ગયેલી હતી. ત્યારે કોઇ પ્રતિકાર કરેલો ન હતો. ભોગ બનનારે બે ડોકટર સમક્ષ વિરોધાભાસી ઇતિહાસ જણાવેલો. જેમાં એક ડોકટર સમક્ષ તેણીની સંમતિપૂર્વક આરોપી સાથે ગયેલાનું સ્વીકારેલુ હતુ. ભોગ બનનાર અનેક સ્થળોએ ફરેલી હતી. ભોગ બનનાર કોલેજમાં અભ્યાસ કરતી હતી. હોટલો અને ભાડાની ઓરડીઓમાં રોકાણ કરેલુ હતુ. ભોગ બનનારે આરોપીના સગાઓના ઘરે પણ રોકાણ કરેલુ. તે તમામ સંજોગો ભોગ બનનારની સ્વીકૃતિ તરફ ઇશારો કરે છે. પુરાવામાં એવુ આવેલુ નહતુ કે, આરોપીએ ભોગ બનનારને ગોંધી રાખેલી હોય, કોઇ સ્વતંત્ર ઇસમો સાથે મળવા દેતા ન હોય કે તેણીને નાસી ભાગી જવાની તક મળેલી ન હોય. ત્યારે ભોગ બનનારે આપેલો આરોપી વિરૂધ્ધનો પુરાવો માત્ર અને માત્ર પાછળથી પોતાની સંમતિ ન હોવાનું જણાવી આરોપીને સંડોવવાનું કૃત્યુ સ્વીકારી શકાય નહીં. એવો પણ પુરાવો ન હતો કે, ભોગ બનનારે આરોપીના ચુંગાલમાંથી ભાગી જવાનો

પ્રયત્ન કરેલો હોય. ભોગ બનનાર પાસે તો મોબાઇલ ફોન પણ હતો. ત્યારે ભોગ બનનારનો પુરાવો જ તેણીની મુકત સંમતિ સૂચવે છે. ત્યારે આરોપીએ તહોમતનામામાં દર્શાવ્યા મુજબનો ઇ.પી.કોડની કલમ-૩૭૫ ને આવરી લેતુ કોઇ કૃત્ય કરેલુ હોય તેવુ શંકાથી પર પુરવાર થતુ નથી. પ્રસ્તુત કામે સમગ્ર પુરાવો જોતા, તપાસ દરમ્યાન રજુ થયેલા અન્ય દસ્તાવેજી પુરાવાઓ રીફર કરવાની જરૂરીયાત જણાતી નથી. આરોપી પક્ષની સંમતિથી ભોગ બનનાર અને આરોપી જે જે સ્થળે રોકાયેલા તે સ્થળના પંચનામાઓ તેઓએ અનુક્રમે આંક-૫૬ થી આંક-૫૯ વાળા કબુલ કરેલા. તે પણ એ હકીકત સૂચવે છે કે, ભોગ બનનાર અને આરોપી મુકત મને અનેક હોટલોમાં અને ગામોમાં સ્વૈચ્છિક રીતે ફરેલા અને કોઇને આ સબબ ફરીયાદ કરેલી ન હતી. પુરાવો જોતા એવુ સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર અને આરોપી અલગ અલગ સમાજના છે. ભોગ બનનારના પિતાને અને કુટુંબી સભ્યોને ભોગ બનનાર અને આરોપીનો સબંધ સ્વીકાર્ય ન હતો. ભૂતકાળમાં તેઓને અલગ કરવામાં આવેલા હતા અને પાછળથી ભોગ બનનાર મારફતે આરોપી વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરાવી ભોગ બનનારે તેણીના સમાજમાં લગ્ન કરી લીધેલા. ટુંકમાં, ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો જોતા, સદર કેસમાં એવુ બહાર આવે છે કે, ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે પોતાનું ઘર છોડી આરોપી સાથે અનેક સ્થળોએ ફરી પતિ-પત્નીની જેમ રહી સંબંધો બાંધેલા. ભોગ બનનારને આ સંબંધથી ગર્ભ પણ રહેલો અને ભોગ બનનારે સમગ્ર સમયગાળામાં કોઇ પ્રતિકાર કરેલો ન હોય, ભોગ બનનાર પુખ્ત વયની ભણેલી સ્ત્રી હોઇ, ભોગ બનનાર કાયદાની જોગવાઇ મુજબ, તેણીની મરજીપૂર્વક કૃત્ય કરી શકે છે અને પુરાવો જોતા, ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ કે બળજબરીથી કોઇ કૃત્ય થયુ હોય તેમજ આરોપીએ ભોગ બનનારે કોઇ ધાક ધમકી આપેલી હોય તેવો પણ કોઇ પુરાવો ન હોય, આરોપી વિરૂધ્ધ ફરમાવેલ આંક-૪ વાળુ તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ સરેઆમ નિષ્ફળ નિવડેલા હોવાનું જણાતુ હોય, તેથી વધુ ચર્ચા કર્યા સિવાય મુદ્દા **નંબર-૧ અને ૨** નો ઉત્તર **નકાર**માં આપી, **મુદ્દા નંબર-૩** પરત્વે છેવટનો હુકમ નીચે મુજબ કરૂ છું.

## -:: હુ ક મ ::-

**(૧)** આ કેસના આરોપી **ઠાકોર અલ્કેશજી ચંદુજી,** રહે.બાલીસણા, તા.જી.પાટણવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) અન્વયે તેમની સામેના

ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬, ૩૭૬, ૫૦૬(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુના ના-સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

**(૩)** મુદ્દામાલ પાવતી નંબર-૧૬૦/૨૦૧૯ તથા ૧૬૧/૨૦૧૯ માં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજ તારીખ : **૨૮ મી,** માહે : **ફેબ્રુઆરી**, સને : **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૨/૨૦૨૫.
પાટણ.

**( સુનીલ એમ. ટાંક )**
જીજે-૦૦૫૮૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.

KBS.